# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 21-05-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day : THURSDAY** **National News**

## આકાશવાણી સમાચાર યશ્વી મહેતા વાંચે છે.

*******************************************************

1) **ભારત-મધ્યપૂર્વ-યુરોપ આર્થિક કોરિડોરને વધુ વિકસાવવા ભારત અને ઇટાલી સંમત થયા.**

2) **દેશમાં ક્રૂડ, પેટ્રોલ, ડીઝલ, કુદરતી ગેસ અને LPGનો પૂરતો પુરવઠો હોવાની કેન્દ્ર સરકારની ખાતરી.**

3) **નવી દિલ્હીમાં યોજાનારી ચોથી ભારત-આફ્રિકા ફોરમ સમિટ મોકૂફ.**

4) **DRI એ મહારાષ્ટ્ર, ગુજરાત, દિલ્હી અને પશ્ચિમ બંગાળમાંથી 120 કરોડ રૂપિયાની કિંમતની ઇ-સિગારેટ જપ્ત કરી.**

5) **IPL ક્રિકેટમાં, આજે ગુજરાત ટાઇટન્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે મુકાબલો.**

……………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# IMEC

ભારત અને ઇટાલી વેપાર, રોકાણ અને પુરવઠા-શૃંખલા સ્થિતિસ્થાપકતાને મજબૂત બનાવવા માટે ભારત-મધ્ય પૂર્વ-યુરોપ આર્થિક કોરિડોર-IMEC ને વધુ વિકસાવવા સંમત થયા. એક સંયુક્ત નિવેદનમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને તેમના ઇટાલિયન સમકક્ષ જ્યોર્જિયા મેલોનીએ ભારત-મધ્ય પૂર્વ-યુરોપ આર્થિક કોરિડોર પર સહયોગ કરવાની તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરી, વૈશ્વિક વેપાર, જોડાણ અને સમૃદ્ધિને ફરીથી આકાર આપવા અને પ્રોત્સાહન આપવા માટે તેની પરિવર્તનશીલ સંભાવના વ્યક્ત કરી.

રોમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે સંયુક્ત પત્રકાર પરિષદમાં ઇટાલીના પ્રધાનમંત્રી જ્યોર્જિયા મેલોનીએ IMEC ને યુરોપ, મધ્ય પૂર્વ અને ભારતને જોડતો એક મુખ્ય કનેક્ટિવિટી અને આર્થિક કોરિડોર ગણાવ્યો જે વેપાર, રોકાણ અને પુરવઠા શૃંખલા સ્થિતિસ્થાપકતાને મજબૂત બનાવવાની ક્ષમતા ધરાવે છે.

# INTER- MINISTERIAL BRIEFING

કેન્દ્ર સરકારે આજે ફરી એકવાર ખાતરી આપી હતી કે ભારતમાં ક્રૂડ, પેટ્રોલ, ડીઝલ, કુદરતી ગેસ અને LPGનો પૂરતો પુરવઠો છે, અને રિફાઇનરીઓ માંગને પહોંચી વળવા માટે શ્રેષ્ઠ ક્ષમતા પર કાર્યરત છે. LPG ઉત્પાદનમાં વધારો કરવામાં આવ્યો છે અને રિફાઇનરીઓમાં દરરોજ લગભગ 46 થી 47 હજાર ટન LPGનું ઉત્પાદન થાય છે. પશ્ચિમ એશિયાની પરિસ્થિતિ પર નવી દિલ્હીમાં આંતર-મંત્રીસ્તરીય પત્રકાર પરિષદને સંબોધતા, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ જણાવ્યું હતું કે તમામ પેટ્રોલ પંપ પર ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે પગલાં લેવામાં આવી રહ્યા છે.

(BYTE : SUJATA-SHARMA)

બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલયના અધિક સચિવ મુકેશ મંગલે જણાવ્યું હતું કે તેઓ નાવિકોની સલામતી અને સરળ દરિયાઈ કામગીરી સુનિશ્ચિત કરવા માટે વિદેશ મંત્રાલય, ભારતીય મિશન અને દરિયાઈ હિસ્સેદારો સાથે સતત સંકલન કરી રહ્યા છે.

# IAFS-POSTPONE

28 થી 31 મે દરમિયાન નવી દિલ્હીમાં યોજાનારી ચોથી ભારત-આફ્રિકા ફોરમ સમિટ આફ્રિકાના કેટલાક ભાગોમાં વિકસતી આરોગ્ય પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને મોકૂફ રાખવામાં આવી છે. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ભારત, આફ્રિકન યુનિયનના અધ્યક્ષ અને આફ્રિકન યુનિયન કમિશન વચ્ચે સમિટના આયોજન અને તેની સાથે સંકળાયેલી પ્રવૃત્તિઓ અંગે પરામર્શ યોજાયો હતો, જેમાં આફ્રિકન નેતાઓ અને હિસ્સેદારોની સંપૂર્ણ ભાગીદારી અને જોડાણ સુનિશ્ચિત કરવાના મહત્વ પર ભાર અપાયો. આ પરામર્શ પછી, બંને પક્ષો સંમત થયા કે ચોથી ભારત-આફ્રિકા ફોરમ સમિટ પછીની તારીખે બોલાવવી સલાહભર્યું રહેશે.

# REV BRICS- GROUP MEETING

ભારતે સરહદ પારના આતંકવાદ સહિત તમામ પ્રકારના આતંકવાદનો સામનો કરવા માટે સંયુક્ત વૈશ્વિક પ્રયાસો કરવાની હાકલ કરી છે. આજે નવી દિલ્હીમાં ૧૧મી વાર્ષિક બ્રિક્સ આતંકવાદ વિરોધી કાર્યકારી જૂથની બેઠકને સંબોધતા, વિદેશ મંત્રાલયના સચિવ (પશ્ચિમ) સિબી જ્યોર્જે આતંકવાદને આશ્રય આપનારા અને સમર્થન આપનારાઓને જવાબદાર ઠેરવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

તેમણે આતંકવાદ સામે શૂન્ય સહિષ્ણુતા અને આતંકવાદી જૂથો દ્વારા આતંકવાદી ભંડોળ, કટ્ટરપંથીકરણ અને ઉભરતી ટેકનોલોજીના દુરુપયોગનો સામનો કરવા માટે મજબૂત આંતરરાષ્ટ્રીય સહયોગની પણ હાકલ કરી.

# GOYAL - PM VISIT

કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે જણાવ્યું હતું કે વિશ્વ ભારત તરફ એક વિશ્વસનીય ભાગીદાર તરીકે જોઈ રહ્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પાંચ દેશોની મુલાકાત અંગે નવી દિલ્હીમાં એક પત્રકાર પરિષદને સંબોધતા શ્રી ગોયલે કહ્યું કે આ મુલાકાત સમાજના દરેક વર્ગ માટે ફાયદાની ખાતરી આપે છે. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રીની મુલાકાત દર્શાવે છે કે ભારત વૈશ્વિક મંચ પર મજબૂત રીતે ઊભું છે. તેમણે કહ્યું કે, પ્રવાસ દરમિયાન ભારતમાં 75 થી 100 અબજ ડોલરનું રોકાણ કરવાની UAEની પ્રતિબદ્ધતા સહિત 57 મહત્વપૂર્ણ કરારો પર હસ્તાક્ષર કરાયા.

# EVE. GOYAL- GDP

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે આજે જણાવ્યું હતું કે ભારત અને અમેરિકા કુદરતી ભાગીદારો તરીકે કામ કરી રહ્યા છે અને ટેકનોલોજી નવીનતા, ઉચ્ચ ચોકસાઇ સંરક્ષણ, ડિજિટલ ડેટા સેન્ટર્સ, ક્વોન્ટમ કમ્પ્યુટિંગ અને તબીબી ઉપકરણો સહિતના ક્ષેત્રોમાં એકબીજાના પૂરક છે. નવી દિલ્હીમાં અમેરિકન ચેમ્બર ઓફ કોમર્સના વાર્ષિક નેતૃત્વ સમિટને સંબોધતા શ્રી ગોયલે જણાવ્યું હતું કે બંને દેશો વચ્ચેની ભાગીદારી પરસ્પર વિશ્વાસ અને સહિયારા આર્થિક હિતો દ્વારા મજબૂત બને છે.

(BYTE : PIYUSH-GOYAL)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/**GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# KAILASH MANSAROVAR YATRA

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કૈલાશ માનસરોવર યાત્રા 2026 માટે યાત્રીઓની પસંદગી માટે કોમ્પ્યુટરાઈઝ્ડ ડ્રો યોજ્યો હતો. જૂનમાં શરૂ થનારી આ યાત્રા ઓગસ્ટ સુધી ચાલશે. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે કુલ એક હજાર યાત્રીઓની પસંદગી એક વાજબી, કોમ્પ્યુટર-જનરેટેડ પ્રક્રિયા દ્વારા કરવામાં આવી છે.

50 યાત્રીઓની કુલ 20 બેચ લિપુલેખ અને નાથુ લા પાસમાંથી મુસાફરી કરશે. બંને રૂટ હવે સંપૂર્ણપણે મોટરેબલ છે. યાત્રીઓ યાત્રા વેબસાઇટ પર લોગ ઇન કરી તેમની પસંદગીની સ્થિતિ તપાસી શકે છે.

# EDUCATION - COMMITTEE GUIDELINES

શિક્ષણ મંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે શાળા વ્યવસ્થાપન સમિતિ માર્ગદર્શિકા 2026 ખાનગી બિન-સહાયિત શાળાઓને લાગુ પડતી નથી. આ સંસ્થાઓને સરકાર અથવા સ્થાનિક સત્તાવાળાઓ તરફથી કોઈ અનુદાન મળતું નથી. તાજેતરમાં, શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને સમુદાય ભાગીદારી અને શાળા શાસનને મજબૂત બનાવવા માટે નવી દિલ્હીમાં શાળા વ્યવસ્થાપન સમિતિ માર્ગદર્શિકા જાહેર કરી હતી.

# REV JITENDRA - UMMID

કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે આજે નવી દિલ્હીમાં એક કાર્યક્રમમાં UMMID નેટવર્ક દેશને સમર્પિત કર્યું. UMMID એટલે વારસાગત વિકારોના સંચાલનની અનન્ય પદ્ધતિઓ જે બાયોટેકનોલોજી વિભાગ દ્વારા વારસાગત આનુવંશિક વિકારોનો સામનો કરવા માટે એક રાષ્ટ્રીય પહેલ છે. આ પહેલ નિદાન, સલાહ, નિવારણ, તાલીમ અને જાહેર આરોગ્ય જાગૃતિને સમાવિષ્ટ સંકલિત અભિગમ દ્વારા વારસાગત આનુવંશિક વિકારોનો સામનો કરવા ભારતના પ્રથમ વ્યાપક રાષ્ટ્રીય પ્રયાસનું પ્રતિનિધિત્વ કરે છે. આ પ્રસંગે બોલતા ડૉ. સિંહે જણાવ્યું હતું કે નરેન્દ્ર મોદી સરકારની પ્રાથમિકતા દેશના લોકો માટે આરોગ્યસંભાળને સસ્તી અને સુલભ બનાવવાની છે.

# DRI- E CIGAREETES

મહારાષ્ટ્ર, ગુજરાત, દિલ્હી અને પશ્ચિમ બંગાળમાં ઈ-સિગારેટ દાણચોરીના રેકેટ પર મોટી કાર્યવાહીમાં ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સે 120 કરોડ રૂપિયાની કિંમતની ત્રણ લાખ ઇ-સિગારેટ જપ્ત કરી છે. નાણા મંત્રાલયે જણાવ્યું હતું કે આ પ્રતિબંધિત ઇ-સિગારેટ ચીનમાંથી મેળવવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. ઇલેક્ટ્રોનિક સિગારેટ પ્રતિબંધ અધિનિયમ, 2019 હેઠળ ભારતમાં ઇ-સિગારેટ અને તમામ ઇલેક્ટ્રોનિક નિકોટિન ડિલિવરી પ્રણાલી પ્રતિબંધિત છે.

# U'KHAND-KILLED

ઉત્તરાખંડમાં, નૈનિતાલ જિલ્લાના ભવાલી વિસ્તારમાં એક વાહન ઊંડી ખીણમાં ખાબકતાં બે મહિલાઓ સહિત પાંચ લોકોના મોત થયા. સ્થાનિક પોલીસ અને રાજ્ય આપત્તિ પ્રતિભાવ દળની ટીમોએ ખીણમાંથી તમામ મૃતદેહો બહાર કાઢ્યા હતા. પોલીસ અકસ્માતના કારણની તપાસ કરી રહી છે.

# REV. VAISHNAW - SECURITY MEETING

કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે નવી દિલ્હીમાં ફિલ્ડ અધિકારીઓ સાથે ઉચ્ચ સ્તરીય સુરક્ષા સમીક્ષા બેઠક યોજી હતી. બેઠક દરમિયાન, એ નોંધવામાં આવ્યું હતું કે ટ્રેનોમાં તાજેતરમાં બનેલી આગની અનેક ઘટનાઓની પ્રાથમિક તપાસમાં અસામાજિક તત્વોની સંડોવણી બહાર આવી છે. મંત્રાલયે જણાવ્યું હતું કે આવી ઘટનાઓને ગંભીરતાથી લેવામાં આવી છે અને રેલવે સુરક્ષા દળ સક્રિયપણે તેમની તપાસ કરી રહ્યું છે.

બેઠક દરમિયાન ચર્ચાઓમાં સુધારેલ રિપોર્ટિંગ સિસ્ટમ દ્વારા ક્ષેત્રમાંથી ગુપ્ત માહિતી એકત્ર કરવાની પદ્ધતિઓને મજબૂત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરાયું.

# IPL CRICKET

**IPL ક્રિકેટમાં, આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ગુજરાત ટાઇટન્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે મેચ રમાઈ રહી છે. ચેન્નાઈ સુપર કિંગ્સે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો છે. હમણાં મળતા અહેવાલ મુજબ ગુજરાત ટાઇટન્સના 4 ઓવરમાં 0 વિકેટે 45 રન થયા છે.**

# PREZ-CYPRUSNIKOS

સાયપ્રસના રાષ્ટ્રપ્રમુખ નિકોસ ક્રિસ્ટોડોલિડ્સે આજે જણાવ્યું હતું કે સાયપ્રસ યુરોપ, પૂર્વીય ભૂમધ્ય સમુદ્ર, ખાડી અને ઉત્તર આફ્રિકન બજારોમાં પ્રવેશ મેળવવા માંગતા ભારતીય વ્યવસાયો માટે વિશ્વસનીય અને સ્પર્ધાત્મક મંચ તરીકે સેવા આપવા તૈયાર છે. મુંબઈમાં ભારત-સાયપ્રસ બિઝનેસ ફોરમને સંબોધતા, તેમણે જાહેરાત કરી કે આ વર્ષે 1 સપ્ટેમ્બરથી મુંબઈમાં સાયપ્રસ ટ્રેડ સેન્ટર કાર્યરત થશે. શ્રી ક્રિસ્ટોડોલિડ્સે જણાવ્યું કે ભારત અને સાયપ્રસ વચ્ચેની ભાગીદારી ભારત અને યુરોપિયન સંઘ વચ્ચેના આર્થિક સંબંધોને પણ મજબૂત બનાવે છે.